# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-07-2025 Day: Thursday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## ધનધાન્ય કૃષિયોજના

**કેન્દ્રીય મંત્રીમંડળે કૃષિ ઉત્પાદકતા વધારવા માટે પ્રધાનમંત્રી ધન -ધાન્ય કૃષિ યોજનાનેમંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓવધારવાનો, લણણી પછીના સંગ્રહમાં વધારો કરવાનો, સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરવાનોઅને ધિરાણની ઉપલબ્ધતાને સરળ બનાવવાનો છે.**

**મંત્રીમંડળની બેઠક પછી નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા માહિતી અનેપ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યુ કે, આ યોજનાથી દેશના એક કરોડ 70 લાખ ખેડૂતોને મદદ મળશે. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ NLC ઇન્ડિયા લિમિટેડને તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની NLC ઇન્ડિયા રીન્યુએબલ્સ લિમિટેડમાં સાત હજાર કરોડ રૂપિયાનાંરોકાણ માટે વિશેષ મંજૂરી આપી છે. શ્રી વૈષ્ણવે જણાવ્યું કે, ભારતે હરિત ઊર્જા ક્ષમતા પ્રાપ્તકરવામાં 50 ટકા સીમાચિહ્ન વટાવી દીધું છે.**

**-----------------------------------------------------------------------------------------**

## બોર્ડ પુરક પરીક્ષા – 2025 ધો. 12 પરિણામ

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ફેબ્રુઆરી માર્ચ 2025 ની જૂનમાં લેવાયેલી ધો. 12 સામાન્ય, વ્યવસાય લક્ષી, બુનિયાદી પ્રવાહ તથા સંસ્કૃત મધ્યમાની પુરક પરીક્ષાનું પરિણામ આજે તારીખ 17 જુલાઇના સવારે 9 કલાકે બોર્ડની વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થી પોતાનું પરિણામ બેઠક ક્રમાંક એન્ટર કરી ઓનલાઇન મેળવી**

**શકશે. વિદ્યાર્થીઓના ગુણપત્ર અને અન્ય માહિતી અંગેની જાણ પાછળથી કરવામાં આવશે એમ બોર્ડની અખબારી યાદીમાં જણાવાયું છે.**

---

## ગાંધીધામ માર્ગ મરંમત

**કચ્છમાં ગાંધીધામ શહેરમાં મહાનગપાલિકાના કમિશનર મેહુલ દેસાઈએ વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલા રોડ રસ્તાઓના રીપેરીંગની કામગીરીનું નિરીક્ષણ કરીને સમીક્ષા કરી હતી. ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વિવિધ વોર્ડમાં રોડ રસ્તાઓ, સાફસફાઈ તેમજ પેવર બ્લોક ફિટિંગની કામગીરી યુદ્ધના ધોરણે કરવામાં આવી રહી છે. સતત બીજા દિવસે મ્યુનિસિપલ કમિશનરે ફિલ્ડ વિઝિટ કરીને કામગીરી ગુણવત્તાયુક્ત રીતે થાય તે સુનિશ્ચિત કરવા સહિત વિવિધ માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા. કમિશનરે મુલાકાત દરમિયાન વિવિધ વિસ્તારના રહીશો સાથે સંવાદ કરીને તેમના સૂચનોને આવકાર્યા હતા. નાગરિકોને પરિવહન સુવિધાઓ સુદઢ રીતે ઉપલબ્ધ થાય તેને પ્રાથમિકતા આપીને કામગીરી કરવા મ્યુનિસિપલ કમિશનરે ભાર મૂક્યો હતો.**

---

## ભુજ માર્ગ મરંમત

**કચ્છમાં ભારે વરસાદને કારણે ભુજ શહેરના વિવિધ રોડ રસ્તાઓ ક્ષતિગ્રસ્ત થયા છે. જોકે, વરસાદી વિરામ બાદ તરત માર્ગ અને મકાન વિભાગ રાજ્ય એ રસ્તાઓના સમારકામ માટે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી છે. કચ્છના મુખ્યમથક ભુજ શહેરમાં આત્મારામ સર્કલ સહિતના રોડને મેટલિંગ કરીને તેનું સમારકામ કરવામાં આવ્યું હતું. વરસાદથી પડેલા ખાડાઓના લીધે વાહનચાલકોને મુશ્કેલી પડી રહી હતી જેથી યુદ્ધના ધોરણે કામગીરી કરીને મેટલિંગ વર્ક પૂર્ણ કરાયું છે.**

**ભારે વરસાદથી પડેલા ખાડાઓની સાફસફાઈ કરીને તેમાં મેટલનું પુરાણ કરવાની કામગીરી કરવામાં આવી હતી. ટ્રેક્ટર, જેસીબી મશીનની મદદથી યુદ્ધના ધોરણે રોડ**

**રીપેરીંગની કામગીરી કરાઈ હતી. કચ્છના ભુજ શહેરમાં માર્ગ અને મકાન વિભાગ રાજ્ય હસ્તકના તમામ ક્ષતિગ્રસ્ત રસ્તાઓની મરામત આયોજનબદ્ધ તરીકે કરવામાં આવી રહી છે.**

**--------------------------------------------------------------------------------------------**

## ભુજ હમીરસરમાં માછલી

**ભુજ શહેરના હૃદય સમાન હમીરસર તળાવમાં પાણીના પ્રમાણમાં જોઈએ એટલી માછલીઓ નથી, જેથી પાણીને સ્વચ્છ રાખવા માટે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ દોઢ લાખ માછલીઓ નાખવામાં આવશે. કચ્છ વિકાસ ટ્રસ્ટને આ કામગીરી સોંપવામાં આવી છે. તેમ ભુજ** નગરપાલિકાના **કારોબારી ચેરમેનની યાદીમાં જણાવામાં આવ્યું હતું.**

**--------------------------------------------------------------------------------------------**

## વરસાદ - કચ્છ

**ગુજરાતમાં મે-જૂન મહિનામાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ અસર કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં વરસાદનું જોર રહ્યું હતું. જ્યારે હવે જુલાઈ મહિનાની શરુઆતથી મેઘરાજાએ જાણે બ્રેક લીધો હોય તેવી સ્થિતિ છે, ત્યારે રાજ્યના છૂટાછવાયા સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. જેમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 51.09% વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં 58.46 % વરસાદ નોંધાયો છે.**

**--------------------------------------------------------------------------------------------**

## હવામાન

**કચ્છમાં છેલ્લા કેટલાક દિવસોથી જોવા મળતો વરાપનો માહોલ હજુ ઓછામાં ઓછું એક અઠવાડિયું આ વરાપની સ્થિતિ યથાવત્ રહે તેવી સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. વાતાવરણ સૂર્ય પ્રકાશિત રહેતાં મહત્તમ તાપમાનમાં વધારાનો ક્રમ પણ જળવાયેલો રહ્યો છે.** ગઇકાલે **જિલ્લા મથક ભુજમાં મહત્તમ પારો 34.5** ડિગ્રી **રહ્યો હતો.**તો કંડલા **પોર્ટમાં 34.5 અને**

નલિયામાં 33 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી સપ્તાહ દરમિયાન છુટાછવાયા વરસાદની આગાહી કરી છે ગઇકાલે જિલ્લાના મોટા ભાગના વિસ્તારમાં વાદળોની આવનજાવન વચ્ચે પવનની ગતિમાં થોડો વધારો જોવા મળ્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

<u>પીજીવીસીએલ</u>

કચ્છના વીજ ગ્રાહકોને વીજળી પુરવઠો પૂરો પાડતી પશ્ચિમ ગુજરાત વીજ કંપનીમાં ઘણી વખત ફોલ્ટ થાય તો ગ્રાહકોની ફરિયાદો ઉકેલવા મોડું થતું હોવાથી ટૂંક સમયમાં હવે ખાનગી એજન્સીને કામ સોંપવામાં આવે તેવી તૈયારીઓ ચાલી રહી છે. હવે આધુનિક સમયમાં ગ્રાહકોને પોતાની ફરિયાદો નોંધાવવા રૂબરૂ જવું ન પડે ને એક મેસેજ કે ફોનથી ફરિયાદ સાંભળવામાં આવે એટલું જ નહીં ઉકેલ આવી જાય જેની જાણ પણ ગ્રાહકને થઇ જાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. કચ્છમાં  આ વ્યવસ્થા માટે તૈયારી ચાલુ છે. કચ્છના દરેક પેટા વિભાગ દીઠ એક ખાનગી એજન્સીની ટુકડી તૈનાત રાખવામાં આવશે. પોતાના વાહન સાથેની આ ટુકડી તુરંત જે તે ગ્રાહકનાં સ્થળે પહોંચી જશે. કચ્છમાં પૂર્વ અને પશ્ચિમ એમ કુલ 32 પેટા વિભાગ છે એ મુજબ ટુકડીઓ મૂકવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------